## ફો.કે.નં.–૧૬૦૪૬/૨૦૧૯

## આંક–૧ હેઠળ હુકમ

આજરોજ નેશનલ લોક–અદાલતમા આપવામા આવેલ સુચનાઓ મુજબ અત્રેની કોર્ટમા પેન્ડીંગ પેટી કેસીસ તેમજ ડોરમન્ટ ફાઇલ પર મુકેલ કેસો વિગેરેના યોગ્ય નિકાલ માટે તથા ફો.કા.અ. ની કલમ ૨૫૮ હેઠળ ડેડવુડ કેસીસના સ્ટોપ પ્રોસીડીંગ્ઝ માટે તેમજ ફો.કા.અ.ની કલમ ૩૨૧ અન્વયે ફરીયાદપક્ષે કેસો પરત ખેંચવા તથા પ્લી બારગેઇનીંગથી કેસો નિકાલ કરવા માટે અત્રેની અદાલતની સ્પેશીયલ સીટીંગ રાખવામા આવેલ.

સદર કામનુ કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઇ વંચાણે લીધુ. સદર કામે આરોપીઓ સામેનો ગુનો ધ્યાને લેતા આરોપીઓ સામે જુગારધારા કલમ–૧૨ હેઠળના ગુનાનો આક્ષેપ છે તથા સદર ગુનો સમન્સ ટ્રાયેબલ ગુનો છે. તેમજ આરોપીઓ સામે તા.૩૦/૧૦/૨૦૧૯ ના રોજ ચાર્જશીટ દાખલ થયેલ છે જેથી આરોપીઓ સામેનો કેસ પોલીસ રીપોર્ટના આધારે દાખલ થયેલ છે તથા આરોપી નં.૩,૪,૫ નાએ ગુનો કબુલ કરતા તેઓ વિરુધ્ધ ગુનો કબુલાતથી ફેસલ કરવામા આવેલ છે તથા આરોપી નં. ૧,૨ આ ચાર્જશીટ દાખલ થયા બાદ અદાલત સમક્ષ હાજર રાખવા સમન્સ/ વોરંટ કાઢવા છતા આરોપી નં. ૧,૨ ને હાજર રખાવી શકેલ નથી તથા આરોપી નં.૧,૨ ને હાજર રાખવામા પોલીસ એજન્સી સદંતર નિષ્ફળ રહેલ છે. આજરોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ સમક્ષ પણ આરોપી નં. ૧,૨ ને હાજર રાખવામા આવેલ નથી. તદઉપરાંત આરોપી નં. ૧,૨ ને હાજર ન રાખવા અંગે કોઇ યોગ્ય અને વ્યાજબી કારણ રજુ નથી. જેથી આરોપી નં. ૧,૨ સામેનો કેસ ઘણા સમયથી ચાલતો હોવા છતા આરોપી નં. ૧,૨ ને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમા આરોપી નં. ૧,૨ મળી આવે તેવી શકયતા જણાતી ન હોય જેથી આવા અસામાન્ય તથા વિશિષ્ટ સંજોગોમા આરોપી નં. ૧,૨ વિરુદધની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશકય જણાતુ હોય ફો.કા.અ. ની કલમ ૨૫૮ અન્વયે ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબને હુકમ કરવામા આવે છે.

### હુકમ

આથી ફો.કા.અ.ના કલમ ૨૫૮ અન્વયે આરોપી નં. ૧ અનીલભાઇ રઘુભાઇ માલકીયા આરોપી નં ૨ રાજેશભાઇ અશોકભાઇ પરીયા સામેની કાર્યવાહી પડતી મુકી કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામા આવે છે.

વધુમા આરોપી નં.૧,૨ જયારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષને ફો.કા.અ.ની કલમ ૩૦૦ (૫) હેઠળ પરવાનગી આપવામા આવે છે.

આજરોજ તા.૧૧ મી, માહે ડિસેમ્બર, સને ૨૦૨૧ ના રોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૧૨/૨૦૨૧
રાજકોટ

(એમ.એ.મકરાણી)
પ્રીસાઇડીંગ ઓફીસર લોક–અદાલત
૮મા અધિક સીનીયર સીવીલ જજ અને
અધિક ચીફ જયુ. મેજી.
રાજકોટ
જીજે૦૧૦૦૭